


ધૈર્ય રાખી ચાલનારાને મળે મંઝિલ સદા, રાત અંધારી ભલે હો, ચાંદ આવે છે સદા.

આપના માટે વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ ગયા વર્ષની તુલનાએ થોડું વધુ સારું પુરવાર થશે. વર્ષની શરૂઆતમાં જ બારમા રાહુના બંધનમાંથી મુક્તિ મળતાં ધીમે ધીમે રાહત અનુભવાશે. શનિની સાડાસાતી અને ગુરુના મધ્યમ પરિભ્રમણને લીધે પડકારો રહેશે, પરંતુ વર્ષના ઉત્તરાર્ધમાં શનિની સાનુકૂળતા આપને વધુ હળવાશ આપશે.

માનસિક સ્થિતિ : જૂન પછી મનને શાંતિ

વૈશાખ વદ બારસ (તા. ૨ જૂન) સુધી શનિની સાડાસાતીનો બીજો તબક્કો લોખંડના પાયે ચાલતો હોવાથી મન પર ભાર વર્તાય, ચિંતા-વ્યગ્રતા અને ઉચાટ રહે. વિચારોમાં અસમંજસ અને દ્વિધાને કારણે નિર્ણયો લેવામાં ઢીલ થાય. નિરાશા કે હતાશાને મન પર હાવી ન થવા દેવી. **તા. ૨ જૂન પછી સાડાસાતીનો ત્રીજો તબક્કો ચાંદીના પાયે શરૂ થતાં માનસિક શાંતિ પાછી ફરશે અને ચિંતાઓ હળવી બનશે.**

આરોગ્ય : બેદરકારી ટાળો, સ્વાસ્થ્ય જાળવો

સ્વાસ્થ્યની દૃષ્ટિએ વર્ષ મધ્યમ ગણાય. વર્ષના પ્રારંભથી તા. ૨૪-૧ સુધી અને તા. ૨૫ જૂનથી વર્ષના અંત સુધી ગુરુનું ભ્રમણ આરોગ્ય અંગે ચિંતા કરાવે. ઋતુગત વાયરલ બીમારી, જૂના રોગની તકલીફ, વજન વધવું, સૂતી વખતે પીઠની નસ દબાવી કે મચકોડ આવવા જેવી બાબતોમાં સાવચેતી રાખવી. બેદરકારી રોગને વધારી શકે છે. વર્ષારંભે આંખોની ખાસ કાળજી લેવી. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમિયાન ગુરુ સાનુકૂળ રહેતાં તબિયતમાં સુધારો જણાય. તા. ૨૪-૮થી તા. ૭-૧૦ દરમિયાન મંગળ છઠ્ઠા સ્થાનમાં ભ્રમણ કરતો હોવાથી કમરનો યા ઘૂંટણ નો દુખાવો સતાવી શકે. **ડાયાબિટીસ અને હાઇપર ટેન્શનની સમસ્યા ધરાવનારે વિશેષ તકેદારી રાખવી.** આગ-વીજળીથી દાઝવાનો ભય, વાહન ચલાવતી વખતે બેદરકારી અને આંખોમાં દર્દ – આ બાબતોમાં સજાગ રહેવું.

વ્યાપાર-ધંધો : અટકેલાં કામોને મળશે ગતિ

ધંધામાં ગત વર્ષ કરતાં થોડી પ્રગતિ જણાય. રાહુના બંધનમાંથી મુક્તિ મળતાં અટકેલાં કામ આગળ વધે, પરંતુ ગુરુ-શનિની પ્રતિકૂળતાથી સંપૂર્ણ સરળતા ન મળે. પ્રારંભથી પોષ વદ બીજ તા. ૨૪ જાન્યુ. સુધી અને જેઠ વદ છઠ તા. ૨૫ જૂનથી વર્ષાંત સુધી કામનો બોજ અને દોડધામ વધે. સીઝનલ ધંધામાં સ્પર્ધકો સામે ઝઝૂમવું પડે; ઈર્ષાળુ લોકો આપના ગ્રાહકો તોડવા પ્રયત્ન કરે. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન **દરમિયાન ગુરુની કૃપાથી કામમાં સરળતા, સંતાનનો સહયોગ, અટકેલી ઉઘરાણી જેવા અન્ય લાભ મળે.** તા. ૨ જૂન સુધી મહત્ત્વના નિર્ણયો ખૂબ વિચારીને લેવા, જીદ ટાળવી અને ઉતાવળે નવું સાહસ ન કરવું. ત્યાર બાદ ભાગીદારીમાં લાભ, આવકમાં વધારો અને પરિવારનો સાથ મળે.

નોકરી-કારકિર્દી : હરીફો સામે અનુભવ કામ લાગશે

નોકરીમાં વર્ષ મધ્યમ રહે. વર્ષારંભે રાહુ કામકાજમાં અડચણ ઊભી કરે, પરંતુ તા. ૫ ડિસેમ્બરથી રાહત મળે અને પછી રાહુ લાભદાયી બને. ગુરુના મધ્યમ ભ્રમણ દરમિયાન ક્યારેક વિરોધ તો ક્યારેક સરળતા અનુભવાય; ઈર્ષા કરનારા અને હરીફો મુશ્કેલી સર્જવા પ્રયત્ન કરે. **સાથે નોકરી કરતાં સગા-સંબંધીઓ સાથે મર્યાદા જાળવવી,** વાદવિવાદથી બચવું. તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૫ જૂન દરમિયાન મહત્ત્વનાં કામોનો ઉકેલ આવે અને અનુભવના બળે મુશ્કેલીમાંથી માર્ગ મળે. **તા. ૨ જૂન પછી કામનો તણાવ ઓછો થાય અને કામ ઝડપથી પૂરાં થાય.**

નાણાંકીય સ્થિતિ : ખર્ચ પર રાખો કડક નિયંત્રણ

આર્થિક દૃષ્ટિએ વર્ષ મધ્યમ પણ ગયા વર્ષ કરતાં સારું. પ્રારંભે રાહુ અણધાર્યા ખર્ચ કરાવે,



પરંતુ તા. ૫-૧૨થી 23 '6 દરમિયાન ધન લાભ થાય કીર્તિ અને પૈસો મળે વિદેશથી પણ લાભ મળે. વર્ષની શરૂઆતથી 24મી જાન્યુઆરી સુધી તથા 25 જૂનથી વરસના અંત સુધી છઠ્ઠા સ્થાનના ગુરુને કારણે ખોટા ખર્ચ, મોસાળ-સાસરી પક્ષે ખર્ચ અને આરોગ્ય પાછળ ખર્ચ થાય. ઉછીના-ઉધાર આપવામાં સાવધ રહેવું. મોંઘવારી વચ્ચે મર્યાદિત આવકથી ભીડ અનુભવાય. કોઈની વાતમાં આવી ઉતાવળે રોકાણ ન કરવું, તા. ૨ જૂનથી શનિની પનોતી માંથી મુક્ત થતાં રાહત મળે; બંધ આવક ફરી શરૂ થાય, જૂની ઉઘરાણી આવે અને ધનવૃદ્ધિનો આનંદ મળે.

પ્રેમ અને પારિવારિક સંબંધો : સંતાન તરફથી શુભ સમાચાર મળશે

તા. ૨ જૂન સુધી જીવનસાથીના સ્વાસ્થ્ય અંગે ચિંતા, વાદવિવાદ કે ગેરસમજ થઈ શકે; ભાઈ-ભાંડુની ચિંતા પણ રહે. ત્યારબાદ શનિ કૌટુંબિક સુખ વધારે અને પરિવારનો સહકાર મળે. **તા. ૨૪-૧થી તા. ૨૫-૬ દરમિયાન સંતાનની ચિંતા દૂર થાય, અવિવાહિત સંતાનના વિવાહ ની બાબતમાં પ્રગતિ થાય.** સંતાનની આકાંક્ષા રાખતા દંપતીને ગુડ ન્યુઝના યોગ બને. પ્રારંભથી પોષ વદ બીજ સુધી અને જેઠ વદ છઠથી વર્ષાંત સુધી સાસરી-મોસાળ પક્ષની ચિંતા રહે. ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન કૌટુંબિક ઉચાટ-ખર્ચ વધે, તેથી ધીરજ રાખવી.

શિક્ષણ : સતત મહેનત જ સફળતાની ચાવી

વિદ્યાર્થીઓ માટે વર્ષ ઠીક રહે. પ્રારંભથી તા. ૨૪ જાન્યુ. અને તા. ૨૫ જૂનથી વર્ષાંત સુધી અભ્યાસમાં અવરોધ આવે, વાંચેલું યાદ ન રહે, તેથી વારંવાર પુનરાવર્તન કરવું. તા. ૨ જૂન સુધી ભણવામાં મન ઓછું લાગે. તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન ગુરુની સાનુકૂળતાથી અભ્યાસ સરળ બને. **કારકિર્દીના મહત્ત્વના વર્ષમાં સતત મહેનત જાળવી રાખવી.**

કોર્ટ-કચેરીના મામલા : વિજયી ભવ

જમીન-જાયદાદને લગતા વિવાદમાં કોર્ટ પ્રકરણોમાં કોર્ટનો ફેંસલો તમારી તરફેણમાં આવે ત્યાં તમને લાભદાયી રીતે સમાધાનથી નિવેડો આવે, અલબત્ત **જીદ કે અહંકારને કારણે મામલો વણસે નહીં તેનું ધ્યાન રાખવું.**

સરકારી કામકાજ : કામયાબી હાંસલ થશે

ખાસ કરીને તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન દરમિયાન ગુરુની સાનુકૂળતાથી સરકારી અર્ધસરકારી તેમજ ખાતાકીય લાઇસન્સ પરમિટ સબસીડી ટેક્સેશન સંબંધિત કામ સફળતાપૂર્વક પાર પાડી શકાય. આ સમયગાળાનો સદુપયોગ કરી લેવો.

પ્રવાસ : વિદેશ પ્રવાસનો યોગ.

વર્ષના આરંભથી તારીખ પાંચમી ડિસેમ્બર સુધી વિદેશ પ્રવાસનો યોગ છે. ત્યારબાદ પણ **વર્ષના અંત સુધી વિદેશ પ્રવાસની મજબૂત શક્યતાઓ છે.** જો આપ શિક્ષણ યા રોજગારી માટે વિદેશ જવાનો પ્રયાસ કરી રહ્યા હો તો આ સમય અનુકૂળ છે.

સ્ટોક માર્કેટ : ઉતાવળિયું રોકાણ નુકસાન કરાવશે

શેરબજારમાં ઉતાવળિયું કે કોઈના કહેવાથી રોકાણ ટાળવું. ખાસ કરીને **તા. ૨૪-૮થી તા. ૭-૧૦ દરમિયાન શેર, બેંક અને વીમા કંપનીનાં કામોમાં સાવધ રહેવું, કારણ કે આ સમયે આર્થિક નુકસાનની સંભાવના છે.**

(શીર્ષક પંક્તિ : શ્રેયસ દેસાઈ)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુ :** પ્રારંભથી તા. ૨૪-૧ અને તા. ૨૫ જૂનથી વર્ષાંત સુધી છઠ્ઠા સ્થાનમાંથી ગુરુનું ભ્રમણ મધ્યમ ફળ આપે, જેથી ખર્ચ, દોડધામ અને આરોગ્યની ચિંતા રહે. **તા. ૨૪ જાન્યુ.થી તા. ૨૫ જૂન સુધી ગુરુ સાનુકૂળ રહેતાં કાર્યસિદ્ધિ, સંતાનસુખ અને કામમાં સરળતા મળે.**

શનિ: વૈશાખ વદ બારસ (તા. ૨ જૂન) સુધી રાશિમાંથી પસાર થતો શનિ સાડાસાતીના બીજા તબક્કામાં લોખંડના પાયે રહેતાં કષ્ટ અને માનસિક તાપ આપે. ત્યારબાદ **ત્રીજો તબક્કો ચાંદીના પાયે શરૂ થતાં સમય શુભ અને રાહતદાયક બને.**

રાહુ: કારતક વદ બારસ તા. ૫ ડિસેમ્બર સુધી બારમા રાહુનું બંધન ખર્ચ અને અડચણ આપે. ત્યારબાદ મુક્તિ મળતાં ધીમે ધીમે રાહત અને લાભ અનુભવાય. **પાંચમી ડિસેમ્બર પછી વરસના અંત સુધી 11 મા ભાવમાં રહેતો રાહુ ધન અને સમાજમાં માન સન્માન આપી જાય.**